CITY પલ્સ
શુક્રવાર ૧૦ જુલાઈ, ૨૦૨૬
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર



# મૂળ સુરતની શિક્ષા જૈન અંડર-૧૫માં દેશની શ્રેષ્ઠ ગોલ્ફર બની

સુરત સિટીમાં ઘણા સ્પોર્ટ્સ રમાય છે આમ છતાં સુરત ક્યાંકને ક્યાંક ગોલ્ફમાં પાછળ હોવાનો અહેસાસ થાય. સુરતમાં ગોલ્ફ કોર્સ નથી એટલે સુરતી બાળકોને સુરતમાં જ ગોલ્ફ રમવા માટે તક નથી મળતી. આ સ્થિતિ વચ્ચે પણ પ્રોફેશનલ ગોલ્ફમાં કાઠું કાઢનાર મૂળ સુરતના શૌર્ય બીનુ, કે જેઓની વાત આપણે અગાઉ અહીં "સિટીપલ્સ"માં જ કરી ચૂક્યા છે તે બાદ હવે વધુ એક મૂળ સુરતના સની જૈનની 14 વર્ષની દીકરી શિક્ષાએ ગોલ્ફ જુનિયર પ્લેયર્સની કેટેગરીમાં નેશનલ લેવલ પર નમ્બર 1 સ્થાન હાંસલ કરીને સુરતીઓને ગૌરવ અપાવ્યું છે. આ હોનહાર ગોલ્ફ પ્લેયર શિક્ષાનો જન્મ સુરતમાં થયો હતો. ગોલ્ફ ખૂબ એક્સપેન્સિવ રમત હોવાથી રોયલ ગેમ ગણાય છે. તેની એક કીટ જ 3 લાખ રૂ.ની આવતી હોય. વળી, આ ગેમ તમારા ધૈર્યની પરીક્ષા કરે છે. 2030માં એશિયન ગેમ્સ આવશે અને 2032માં ઓલિમ્પિકના વર્લ્ડ રેન્કિંગ આગળ વધારવા શિક્ષા કલાકોને કલાકો પ્રેક્ટિસ કરી રહી છે. શિક્ષા જૈન ગોલ્ફ તરફ કઈ રીતે વળી, ગોલ્ફમાં કઈ કઈ સિદ્ધિઓ હાંસિલ કરી છે અને તેના પરિવારનો એને કેવો સપોર્ટ છે તેના વિશે આપણે જાણીએ...

## ગોલ્ફ રમવું કેમ ગમવા લાગ્યું?



શિક્ષા માત્ર 7 વર્ષની હતી ત્યારથી તે ગોલ્ફ રમવા લાગી હતી. તેના ફાધર સની જૈનના કહેવા પ્રમાણે શિક્ષા ચાર વર્ષની હતી ત્યારથી તે વિવિધ સ્પોર્ટ્સ રમવા લાગી. બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ અને સ્વિમિંગ ટ્રાય કર્યું પણ તે 6-6 કે આઠ મહિનામાં જે તે સ્પોર્ટ્સથી કંટાળી જતી. તેણે પછી ગોલ્ફ ટ્રાય કર્યું. તેમાં ટુર્નામેન્ટ રમવા લાગી પછી તેને ગોલ્ફમાં સારો એવો ઈન્ટરેસ્ટ પડવા લાગ્યો. ગોલ્ફમાં 18 હોલ એટલે કે સાડા ત્રણ ચાર કિલોમીટર એરિયા ચાલીને રમવું પડે. ગોલ્ફ રમવું ઘણું ખર્ચાળ ગણાય છે. તેની એક કીટ 3 લાખ રૂ.ની આવે. તેમાં 14 આયર્ન (ક્લબ) હોય. વિવિધ આયર્નથી શોટ મારવાના હોય. બ્રાન્ડેડ કંપનીના આયર્ન હોવા જોઈએ, નહી તો શોટની એક્યુરસી પર અસર પડે.

## મૂળ સુરતી પરિવારમાં શિક્ષાનો જન્મ થયો હતો



ગોલ્ફ જુનિયર કેટેગરીના પ્લેયર્સમાં દેશમાં ટોચની ગોલ્ફ પ્લેયર શિક્ષા જૈનનો જન્મ 2011માં સુરતમાં થયો હતો. તેમના ફાધર સની જૈનના માતા-પિતા અને ભાઈ ભટાર રોડ વિસ્તારમાં રહે છે અને ટેક્સટાઈલના બિઝનેસ સાથે જોડાયેલા છે. સની જૈનનું સ્કુલિંગ અને કોલેજનું એજ્યુકેશન સુરતમાં થયું છે. સુરતની કોલેજમાં તેમણે ગ્રેજ્યુએશન કમ્પ્લીટ કર્યા બાદ તેમણે C.A.(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની સ્ટડી કર્યા બાદ તેમને પુણેમાં જોબ લાગી હતી. જયપુરમાં તેમને સારી ઓપુર્ચ્યુનિટી મળતા તેઓ ત્યાં શિફ્ટ થયા હતાં. તેમણે શિક્ષાને ઉચ્ચ કક્ષાની ગોલ્ફ પ્લેયર બનાવવામાં કોઈ પ્રકારની બાંધછોડ નહીં કરી. શિક્ષા સુરતમાં જ જન્મી હોવાથી તેનામાં પણ સુરતીપણું જોવા મળે છે તેને પણ સુરતી જમણ પ્રિય છે.

## શિક્ષાને બેસ્ટ ગોલ્ફ પ્લેયર બનાવવા તેની સ્કૂલને લઈને રિસ્કી ડીસીઝન લીધું હતું: સની જૈન

શિક્ષા આજે દેશમાં ગોલ્ફ જુનિયર્સ પ્લેયર્સમાં ટોપ પર છે. તેને ઉચ્ચ કક્ષાની પ્લેયર બનાવવામાં તેના પેરેન્ટ્સની મહેનત રહી છે. તેમણે જણાવ્યું કે, ગોલ્ફની લાંબી પ્રેક્ટિસમાં શિક્ષાને પાંચ કલાક લાગતા. સ્કૂલ જવું, ટ્યુશનમાં જવું આ બધામાં શિક્ષા પાસે ગોલ્ફ રમવા સમય રહેતો નહી. પછી મેં એક રિસ્કી ડીસીઝન લીધું. તે ત્રીજા ધોરણમાં હતી ત્યારે તેની સ્કૂલ મેં છોડાવી, આ માટે મારે પરિવારના અગેન્સ્ટ જવું પડ્યું. મેં વિચાર્યું જો તેનું ગોલ્ફમાં સારું પરફોર્મન્સ નહીં રહે તો આવતા વર્ષથી તેને ફરી સ્કૂલ જોઈન્ટ કરાવીશું. શિક્ષાનું ગોલ્ફમાં ખૂબ સારું પરફોર્મન્સ રહેતાં જયપુરની નીરજા મોદી સ્કૂલે તેને સ્પોન્સરશીપ ઓફર કરી અને સ્પોર્ટ્સ કોટામાં તેને સ્કૂલમાં એડમિશન આપ્યું.

## સુરતનો લોચો ભાવે અને ડુમસનો દરિયા કિનારો ફેવરિટ

શિક્ષા અવારનવાર સુરત આવતી હોય છે. તેને સુરતી લોચો બહુ ભાવે છે તથા ડુમસના દરિયા કિનારે ફરવું ગમે છે. અહીં દરિયા કિનારે કાચી કેરી મળે છે જેનો ટેસ્ટ તેને યમ્મી લાગે છે. આવી કાચી કેરી તેને જયપુરમાં ખાવા નથી મળતી. તેનું કહેવું છે કે સુરતમાં ગોલ્ફ કોર્સ નથી જો સુરતમાં તેની સુવિધા ઉભી થાય તો ગોલ્ફ રમવા માટે ઘણાને પ્રોત્સાહન મળે. સુરતમાં કેફેમાં તદ્દન નાના પાયે ગોલ્ફની પ્રેક્ટિસ થઈ શકે છે.



## શિક્ષા ગોલ્ફમાં નેશનલ લેવલ પર નમ્બર 1 પર છે

શિક્ષા જૈન હજી તો માત્ર 14 વર્ષની છે પણ ગોલ્ફમાં તેના ઉત્કૃષ્ટ પ્રદર્શનને કારણે આજે નેશનલ લેવલ પર અંડર 15 કેટેગરીમાં તે નમ્બર 1 પર છે. ઓવર ઓલ કેટેગરી અંડર 22 માં તે 12માં નમ્બર પર છે. તે 4 વર્ષની હતી ત્યારથી અલગ અલગ સ્પોર્ટ્સ રમતી હતી. જેમકે, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ અને સ્વિમિંગ પણ કરતી હતી. 7 વર્ષની ઉમરે તેણે ગોલ્ફ રમવાનું સ્ટાર્ટ કર્યું હતું. જોકે, પછી કોવિડ સમયે બે વર્ષ તે રમી નહોતી શકી પછી તો તેણે ગોલ્ફ ટુર્નામેન્ટ રમવાનું શરૂ કર્યું અને પછી ધીરે ધીરે તેમાં ઈન્ટરેસ્ટ પડવા લાગ્યો. વર્લ્ડ રેન્કિંગમાં તે ટોપ 1500માં છે અને એક વર્ષમાં તે વર્લ્ડ રેન્કિંગમાં ટોપ 500માં સ્થાન મેળવે તે માટે કોશિશ કરી રહી છે.




Succcess મંત્ર

## શિક્ષા જૈનની સિદ્ધિઓ

- US Kids Indian Championship 2025 WINNER (વિજેતા)
- શ્રેષ્ઠ ગોલ્ફર તરીકે સમાજ રત્ન સમ્માન
- NCR CUP-20th Junior-Gurugram WINNER
- Golf Haryana Golden Green Challenge 2025 WINNER
- Greens to Glory Junior Golf Tournament WINNER
- NCR CUP 19TH Junior WINNER
- Justice Anshuman Singh Memorial Golf CUP WINNER (વિજેતા)
- 2024માં લોંગેસ્ટ ડ્રાઇવ એવોર્ડ
- Australian Junior Age Division Golf Championship India WINNER
- Kissan Golf Cup 2023 WINNER. વિગેરે

## 112 ટુર્નામેન્ટમાં વિનર બની છું, ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતવાનું લક્ષ્ય: શિક્ષા જૈન

માત્ર 14 વર્ષની ઉમરમાં જ શિક્ષાએ ગોલ્ફમાં 112 ટુર્નામેન્ટમાં વિનર થઈને કમાલ કરીને બતાવી છે. શિક્ષાએ જણાવ્યું કે, મારે ગોલ્ફ ટૂર્નામેન્ટ માટે સતત ટ્રાવેલિંગ કરવાનું હોય ત્યારે મારા મમ્મી મારી સાથે ટ્રાવેલ કરે. મારા ફાધર અને મારો નાનો ભાઈ ઘરે હોય. મારા કોચ જસ્સી ગરેવાલના અનુભવોનો મને ઘણો લાભ મળ્યો છે. તેઓ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા છે. હું રોજ 7થી 8 કલાક ગોલ્ફની પ્રેક્ટિસ કરું છું. ગોલ્ફની પ્રેક્ટિસની શરૂઆત મેં જયપુરના રામબાગ ગોલ્ફ ક્લબથી કરી હતી. હું જ્યારે ગોલ્ફ રમવા લાગી હતી ત્યારે જયપુરમાં પણ ગોલ્ફનું કલ્ચર બહુ નહીં હતું પણ હવે ઘણું વિકસ્યું છે. ગોલ્ફ માટે મારે ઘણો સમય આપવો પડતો હોવાથી હું રેગ્યુલર સ્કૂલ નથી જઈ શકતી પણ મને સ્કૂલનો પૂરો સપોર્ટ મળે છે. પ્રેક્ટિસના વ્યસ્ત શિડયુલ વચ્ચે પણ હું ટ્યુશન માટે એક કલાકનો સમય કાઢું છું. હું ઇન્ટરનેશનલ લેવલ પર સિંગાપોર, મલેશિયા, હુઆ હિન, ચિયાંગ માઈમાં રમી છું. મારું અત્યારે ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા અને ગોલ્ડ મેડલ મેળવવાનું લક્ષ્ય છે જે માટે હું કઠોર પ્રેક્ટિસ કરી રહી છું. મારો સૌથી સારો અનુભવ કહું તો હું ફર્સ્ટ ટાઈમ ઓપન કેટેગરી રમી હતી જે હું ઓલઓવર જીતી હતી.

મજ્જેની LIFE

# વરસાદ બન્યો મસ્તીખોર: સુરતીઓ સાથે બન્યા રમૂજી કિસ્સા

વરસાદ પડે એટલે મોસમ મસ્તીનો બની જાય છે. આહલાદક બનતા આ વાતાવરણની મજા લેવાનું સુરતીઓ ક્યારેય ચૂકતા નથી. વરસાદની ભીની ભીની મજા તો સુરતીઓએ લઈ લીધી પણ સોમવાર સાંજથી લઈને મંગળવારનો આખો દિવસ દેમાર વરસાદ પડતો રહ્યો. તેમાં સુરતીઓ સાથે એવા રમૂજી કિસ્સા બન્યા કે જે જાણીને બીજા હસી પડ્યા. વરસાદ સાથે જોરદાર પવનને કારણે કોઈની છત્રી ઉડી ગઈ તો કોઈ વરસાદી પાણી ભરાયેલા ખાડામાં પડ્યા. કોઈની કીચડમાં ચપ્પલ ફસાઈ તો કોઈના નવા રેઈન કોટ પર સામેથી પાણીના પ્રવાહમાં પસાર થતી કારે પાણીના છીંટા ઉડાવ્યા અને મોઢા પર કીચડનો લેપ લાગી ગયો. સુરતીઓ સાથે બીજા એવા કયા કિસ્સા વરસાદને કારણે બન્યા કે જે બીજાને રમૂજી લાગ્યા ચાલો તે આપણે જાણીને આપણે પણ થોડું મલકી લઈએ...



## બાઈક ચાલુ કરે તો વરસાદ ચાલુ થાય, બંધ કરે તો વરસાદ રોકાય

અલ્પેશ ચૌહાણ સાથે સોમવારના વરસાદે તો આંખમીચોલી રમી હોય તેવો રમુજી કિસ્સો થયો હતો. તેમણે જણાવ્યું કે, સોમવારે સાંજે વરસાદ બંધ પડ્યો હતો તો હું બાઈક લઈને ફરવા નીકળ્યો. સાથે રેઈનકોટ કે છત્રી પણ નહીં. થોડું જ ફર્યો ત્યાં વરસાદે વરસવાનું શરૂ કર્યું તો હું દુકાનોના છાપરા નીચે વરસાદ બંધ થાય તેની રાહ જોતો ઉભો રહ્યો. વરસાદ રોકાયો તો હું બાઈક પાસે ગયો અને જેવું બાઈક સ્ટાર્ટ કર્યું તેવો ફરી વરસાદ ચાલુ થઈ ગયો. હું ફરી દુકાનોના છાપરા નીચે જઈને ઉભો રહ્યો. ફરી વરસાદ રોકાયો અને મેં ફરી બાઈક સ્ટાર્ટ કરી ત્યાં ફરી વરસાદ તૂટી પડ્યો. આ જોઈને ત્યાંના દુકાનદારો હસવા લાગ્યા. વરસાદે તો મારી ફીરકી જ લઈ લીધી.





## બાઇક પાણીમાંથી કાઢતી વેળા બે ફ્રેન્ડ પાણીમાં પડ્યા

હીનાબેન કેમિસ્ટ અને તેમની જ શેરીમાં રહેતા અને સાથે જ જોબ કરતા સારંગ જીગર સાથે ભરાયેલા વરસાદી પાણીએ રમૂજ કરી. હીનાબેને જણાવ્યું કે, હું અને જીગરભાઈ મંગળવારે સાથે જ ટૂ વ્હીલર પર ઓફિસ ગયા હતા પણ વરસાદનું જોર વધતું હતું અને એ જોઈને ઘરે કઇ રીતે પહોંચીશું તેની ચિંતા થવા લાગી. ઓફિસના દાદર સુધી પાણી આવી જતા બધાએ સાહેબની પરમિશન મેળવી ઘરે જવા નીકળ્યા. ટૂ વ્હિલરના સાયલન્સરમાં પ્લાસ્ટિકની થેલીનો ડૂચો માર્યો. પાણીમાંથી બાઈક ખેંચીને કાઢતા હતા એ વખતે પહેલાં હું ભરાયેલા પાણીમાં ધબ દઈને પડી. હું ઉભી થઇ ત્યાં તો જીગર પાણીમાં પડ્યો. અમને જોઈને બીજા વાહન ચાલકો હસી પડ્યા.



## ફ્રેન્ડની છત્રીના પાણીથી ડીકીમાં મૂકેલી સાડી પચરંગી થઇ

નિશાબેન ભરુચાએ જણાવ્યું કે, મારી નવીનકોર સાડી ડ્રાય ક્લીન માટે આપવાની હતી એટલે મારી ટૂ વ્હિલરની ડીકીમાં આમ જ મૂકી હતી. મંગળવારે જયારે વરસાદ અટક્યો તો હું ટૂ વ્હિલર પર શાક લેવા નીકળી. રસ્તામાં ઉભેલી ફ્રેન્ડે તેના ઘર સુધી લિફ્ટ માંગી. તેણે જલ્દી જલ્દીમાં ડીકી ખોલી એમાં છત્રીવાળી પ્લાસ્ટિકની થેલી મૂકી જેમાં છત્રીનું પાણી જમા થયું હતું. જે ડીકીમાં રાખેલી સાડી પર ફેલાયું અને સાડીનો ગ્રીન અને રેડ કલર સાડીના વ્હાઈટ પોર્શન પર ફેલાયો. હું ઘરે પહોંચી અને ડીકી ખોલી તો સાડી પચરંગી થઈ ગઈ હતી. મારી એ સાડી જોઈને ઘરના બધા હસવા લાગ્યા અને કહેવા લાગ્યા મદદ કરવા ગઈ અને નુકસાન વેઠી લીધું.

## પાઉંભાજીના પાઉં વરસાદમાં પાણી પાણી થયા



કેતકીબેન ટેલર અને તેમના હસબન્ડ અમુક વિસ્તારોમાં ભરાયેલા પાણી જોવા ટૂ વ્હીલર પર ગયા હતાં. ત્યારે કેતકીબેનને તેમના હસબન્ડ વિશાલ ટેલરે કહ્યું ઘરે જઈને ગરમાગરમ ભજીયા બનાવજે, કેતકીબેનને રસોઈ બનાવવાનું મન નહીં હતું, તો તેમણે હસબન્ડને કહ્યું આપણે રસ્તામાં કશેકથી પાઉભાજી ઘરે લઈ જઈએ. પાઉ પ્લાસ્ટિકની થેલીમાં મુક્યા હતા તે થેલી બીજી પ્લાસ્ટિકની થેલીમાં મૂકી ટૂ વ્હીલરની આગળની સાઈડમાં લટકાવી દીધી, પણ પછી વરસાદમાં પાણી ગયું. એટલે પાઉ તો ખાવા લાયક ન હતા. તે પાઉ જોઈ હસબન્ડ હસી પડ્યા અને મારે ના છૂટકે રોટલી બનાવવી જ પડી.

## 30 રૂ.ના ખમણ ખાવામાં બે ફ્રેન્ડની બાઇક વરસાદી પાણીમાં બંધ પડી



વિજય સોલંકીએ જણાવ્યું કે મારા રિલેટિવનો દીકરો મારા ઘરે આવ્યો હતો. હું તેને મારી બાઈક પર બેસાડીને ખમણ ખાવા લઈ ગયો, પણ તેણે ખમણ નથી ખાવા કહ્યું તો મેં કીધું કુંભણીયા ભજીયા ખાવા જઈએ. રસ્તામાં ચા પીધી અને કુંભણિયા ભજીયા ખાવા નીકળ્યા. મને મારી બાઈક પર બહુ ભરોસો કે તે પાણીમાં બંધ નહીં પડે પણ તે વચ્ચે બંધ પડી ગઈ. મેં મારા ફ્રેન્ડને ફોન કર્યો અને કહ્યું હું મારી બાઈક તારા ઘરે મૂકી જાઉ છું અને તારી બાઈક લઈ જાઉ છું. ધક્કો મારીને બાઈક ફ્રેન્ડના ઘરે લઈ ગયો અને ફ્રેન્ડની બાઈક લઈને નીકળ્યો અને ડભોલી બ્રિજ નીચે ખાસ્સું પાણી ભરાયું હતું એમાં ફ્રેન્ડની બાઈક પણ બંધ પડી ગઈ. એ બાઈક ખેંચી ખેંચીને ઘરે લાવ્યો. 30 રૂપિયાના ખમણ ખાવામાં બે બાઈક બંધ પડી અને તેમાં કલાકો નીકળી ગયા.